
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ વીર સં. (ચાલુ) ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ આસો



पन्नगे च सुरेन्द्रे च कौशिक पादसंस्पृशि
निर्विशेषमनस्कायः श्रीवीरस्वामिने नमः॥

અનેક મહોત્સવો અને પંચકલ્યાણકોના શુભ અવસરે આવીને દેવેન્દ્ર શક્રેન્દ્ર પોતાનો ભક્તિ ભાવ પ્રગટ કરી પોતાને કૃતકૃત્ય માનતા, તો ભગવાન મહાવીરના હૃદયમાં કોઇ રાગભાવ ઉત્પન્ન ન થતો. બીજી બાજુ ચંડકૌશિક જેવા ભયંકર વિષધર સર્પે તેમના પગે ડંખ દીધો તો પણ વીર પ્રભુના મનમાં કોઇ પ્રકારનો દ્વેષભાવ ન આવ્યો. એવા સમદર્શી મહાવીરના ચરણોમાં મારો વારંવાર નમસ્કાર હો.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૮૩ ] ઓકટોબર-૧૯૮૬ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા

| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી | — | ૧૭૩ |
| (૨) | શ્રી વીતરાગની રાગવંતી વાણી | પૂ. કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સા. | ૧૭૫ |
| (૩) | શ્રી નમસ્કાર મહામંત્ર | સંકલન : શ્રી હીરાલાલ બી. શાહ | ૧૭૭ |
| (૪) | દૃષ્ટિ તેવી સૃષ્ટિ | રમેશ લાલજી ગાલા | ૧૭૯ |
| (૫) | યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી | રતીલાલ દીપચંદ દેસાઇ | ૧૮૦ |
| (૬) | મુરબ્બી શ્રી પોપટલાલભાઇની જીવન ઝરમર | — | ૧૮૪ |
| (૭) | શ્રદ્ધાંજલિ | -- | ૧૮૭ |

**સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

સવિનય જણાવવાનું કે સં. ૨૦૪૩ કારતક સુદિ ૧ ને સોમવાર તા. ૩-૧૧ ૮૬ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઈ આણંદજી તરફથી પ્રતિવર્ષ કરવામાં આવતી દૂધ પાર્ટીમાં ( ૯. ૩૦ થી ૧૧-૦૦ ) આપશ્રીને પધારવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે.

કાર્તિક સુદિ પંચમીને શુક્રવારે સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે તો દર્શન કરવા પધારશોજી.

## આત્મ કલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી માહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરૂભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઇ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઇ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઇબ્રેરી હોલમાં સં. ૨૦૪૨ના આસો સુદ ૧૦ રવીવારના રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના કરવામાં આવી હતી.

## લેખક મહાશયોને વિનંતી

આ માસિક દર માસની ૧૬મી એ પ્રસિદ્ધ થાય છે તો જૈન ઈતિહાસ, સાહિત્ય તત્ત્વજ્ઞાન વિષે લેખ, નિબંધ અથવા કાવ્ય કે કથા તા. ૩૦ સુધીમાં મોકલી આપવા આગ્રહભરી વિનંતી.

- તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી કાન્તિલાલ જે દોશી એમ. એ.

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ આસો : ઓક્ટોબર-૧૯૮૬ [ અંક : ૧૨

## લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી

**અંગુઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર.**
**તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર.**

પ્રાતઃકાળનો સમય એટલે જાગૃતિનો સમય. પ્રકાશ ફેલાવવાનો સમય. આવા પ્રકાશમય મંગળ સમયે આપણે જ્યોતિર્મય આત્માઓનું સ્મરણ કરીએ છીએ. જેમણે પોતાનો આત્મ-પ્રકાશ રેલાવીને મનના ઘોર અંધકારને દૂર કરી પોતાના અન્તરને અનન્ત પ્રકાશથી જગમગતું કરી દીધું. અરે તેમણે માત્ર પોતાનાજ અંધારાને નહિ પરંતુ સંસારના ઘોર અજ્ઞાનમય અંધકારમાં ભટકતા અને અંધકારમાં ઠોકરો ખાતા પ્રાણીઓની અંદર પણ જ્યોતિ જગાવીને તેમના અંધકારને પણ દૂર કરેલ છે. એવા મહાપુરૂષોનું આપણે પ્રાતઃકાળે સ્મરણ કરીએ છીએ.

તે અંધકાર કેવો હતો? ક્રોધનો અંધકાર, અહંકારનો અંધકાર લોભ લાલચ, મોહમાયાનો અંધકાર, કે જેમાં વ્યક્તિ અનાદિ કાળથી ઠોકર ખાઈને ચાલી રહી છે, તે અંધકારને મહાપુરુષોએ ક્ષમાનો પ્રકાશ રેલાવી ક્રોધના અંધકારને દૂર કર્યો, વિનમ્રતાના પ્રકાશથી અહંકારનો નાશ કર્યો. સંતોષરૂપ પ્રકાશથી લોભ-લાલચરૂપી અંધકાર દૂર કર્યો સમ્યગ્જ્ઞાનના પ્રકાશથી વિકારોના અંધકારના અભેદ્ય કીલ્લા તોડી ભૂમિશાયી કરી દીધા.

આવા પ્રાતઃસ્મરણીય મહાપુરુષોમાં એક છે ભગવાન મહાવીરના પટ્ટ શિષ્ય ગણધર ગૌતમ. શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણની રાત્રીએજ એમનામાં અનન્ત આત્મ-જ્યોતિ જાગૃત થઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમને કેવળજ્ઞાન થયું અને બાર વર્ષ બાદ વૈભારગિરિ પર તેમનું નિર્વાણ થયું.

તેમણે શ્રમણસાધનામાં પ્રવેશ કર્યો તે પહેલા તેઓ વેદવેદાંગના પૂર્ણજ્ઞાતા હતા. શાસ્ત્રાર્થ કરવામાં તેઓ અજોડ હતા. અને શ્રમણ-માર્ગ ગ્રહણ કર્યા પછી શ્રુત સાહિત્યના પૂર્ણ જ્ઞાતા બન્યા.

તેઓ પૂર્ણતઃ શાન્ત અને વિનમ્ર હતા. તેમના મનમાં કદિ પણ અહંકાર પ્રવેશી શક્યો નથી. તેમના જીવનમાં કદિ આગ્રહ કે દુરાગ્રહની વૃત્તિ નહોતી.

સત્ય સમજવા માટે હંમેશ તેઓ જિજ્ઞાસુ હતા. સત્ય સમજાય એટલે તેનો સ્વીકાર કરી લેવાની એમનામાં સ્વાભાવિક વૃત્તિ હતી.

તેઓ ભગવાન મહાવીરના શિષ્ય કેવી રીતે બન્યા તેનો એક પ્રસંગ છે. એકવાર ભગવાન મહાવીર દેશના આપી રહ્યા હતા. તેઓ ધર્મ અને યજ્ઞના નામે ચાલતી હિંસાનો વિરોધ કરી રહ્યા હતા. ભગવાનની દેશનાના એ શબ્દો ગૌતમના કાન સુધી પહોંચ્યા અને તેમની અહંકારવૃત્તિ જાગી ઊઠી. તેઓ વિચારવા લાગ્યા, કે "આ ક્ષત્રિયને ઉપદેશ આપવાનો શું અધિકાર છે ? અને વળી એ યજ્ઞનો પણ વિરોધ કરી રહ્યા છે. તો હું એમની પાસે જઇ એમને પરાજિત કરૂં."

પરંતુ તેઓ સમવસરણમાં પહોંચ્યા અને ભગવાન મહાવીરના દર્શન કર્યા કે તુરતજ તેમનામાં રહેલો અહંકાર ઓગળી ગયો. તેઓ વિનમ્ર અને વિનયી બની ગયા. જ્યારે ભગવાન મહાવીર પાસેથી બોધ પ્રાપ્ત થયો કે આત્માનું સ્વરૂપ, અહિંસાનું સ્વરૂપ અને યજ્ઞનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું કે તરતજ તેઓએ પોતાની જાતને ભગવાન મહાવીરનાં ચરણોમાં સમર્પિત કરી દીધી.

ત્યાર પછી કદી પણ તેમણે જાતિનો ગર્વ કર્યો નથી કે કદી વંશ કે કુળનું અભિમાન કર્યું નથી. તેમણે જગત્ ગુરૂ ભગવાન મહાવીરના ચરણોમાં બધા પ્રકારના વિકારો અને અહંકારનો ત્યાગ કર્યો.

ગૌતમ ભગવાન મહાવીરથી ઉંમરમાં મોટા હતા. વ્યક્તિને કોઇકોઇ વાર પોતાની મોટી ઉંમરનું પણ અભિમાન થાય છે. પરંતુ ગૌતમને ઉંમરનું અભિમાન પણ નહોતું. જ્યારે પણ તેમના મનમાં જિજ્ઞાસા થતી કે તરતજ એક બાળકની માફક ભગવાન મહાવીરની પાસે પહોંચી જતા અને પોતાના પ્રશ્નોનું સમાધાન તેમની પાસેથી મેળવતા.

સાચો શિષ્ય તો તેને કહેવાય કે જેણે અહંકારને જડમૂળથી ઉખાડી ફેંકી દીધો હોય અહંકાર અને શિષ્યત્વ, અંધકાર અને પ્રકાશની જેમ સાથે રહી શકે નહિ. જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકાર રહી શકે નહિ. શિષ્ય ગુરુની આગળ કદાપી ચાલી શકે નહિ. એ તો ગુરૂની પાછળજ ચાલે, તેનેજ સદા અનુસરે.

ગણધર ગૌતમ પણ જ્યાં સુધી દૃષ્ટિમાં પૂર્ણતા ન આવી ત્યાં સુધી ભગવાનના અનુયાયી રહ્યા. જ્યાં સુધી ભગવાન મહાવીર રહ્યા ત્યાં સુધી તેમના અંતેવાસી રહ્યા. તેમનું જ્ઞાન મહાન હોવા છતાં પણ તેઓ વિનમ્રતાથી પરિપૂર્ણ હતા. જ્યારે પણ પોતાનો પરિચય આપવો હોય ત્યારે તેઓ માત્ર એટલું જ કહેતા કે "હું શ્રમણ ભગવાન મહાવીરનો શિષ્ય છું."

ભગવાન મહાવીરના તીર્થમાં નાના-મોટા, વિદ્વાન-સામાન્ય એમ વિવિધ પ્રકારના સાધુ-સાધ્વી હતા. તેમાં ગણધર ગૌતમની બધાની સાથે સમાન દૃષ્ટિ હતી. જો સંઘમાં કોઈ સાધુ બિમાર હોય તો ગૌતમ સૌની પહેલા ત્યાં પહોંચી જતા અને ખબર અંતર પૂછતા. એમના મનમાં અહંકારની ગ્રંથીજ નહોતી. તેઓએ બધી મનોવિકારોની ગ્રન્થીઓને ચકનાચૂર કરી દીધી હતી. તેમના મનમાં સન્માનની ભૂખ પણ નહોતી કે

( અનુસંધાન પેજ ૧૭૯ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 શ્રી વીતરાગની રાગવંતી વાણી 卐

ચિંતક : પૂ. કુંદકુંદસૂરીશ્વરજી મ. સા.

હે દેવ ! તારા દિલમાં વાત્સલ્યના ઝરણાં ભર્યા.
હે નાથ ! તારા નયનમાં કરૂણાતણાં અમૃત ભર્યાં.
વીતરાગ તારી મીઠી મીઠી વાણીમાં જાદુ ભર્યાં.
તેથી જ તારા શરણમાં, બાળક બની આવી ચડયાં.
॥ ૧ ॥

**અર્થ** :- હે દેવાધિદેવ ! આપના હૃદયમાં સહજ વાત્સલ્ય છલકાય છે. આપના નયનોમાં કરૂણારૂપી અમૃત ભરેલું છે. પથ્થર જેવા હૃદયને પાણી પાણી કરી નાખે તેવી મીઠી વાત્સલ્યવંતી આપની વાણી છે તેથી જ માતાના ખોળામાં ખેલતા બાળકની જેમ અમે આપના શરણે આવ્યા છીએ.

**સંવેદન** :- હે દેવાધિદેવ ! આપના હૃદયમાં વિશ્વ માતાનુ હૃદય છે. તેમાં વિશ્વના સર્વ જીવો તરફ એક સરખું વાત્સલ્ય ધબકે છે. એટલે આપના રૂંવાડે-રૂંવાડે હૃદય છે અને તેમાંથી સહજ જીવ-વાત્સલ્ય વહે છે એવી આપના ભક્તોની સમજ યથાર્થ છે.

કર્મકૃત સર્વ ભેદની દિવાલોથી પર આત્માના શુદ્ધ સ્વભાવનું આ દર્શન પરમાત્માને હૃદયભૂત બનાવવાથી પરમાત્માના હૃદયભૂત જીવો હૃદયભૂત બને છે. દયા ધર્મ બને છે. અધર્મરૂપ હિંસાને મતમાંથી દેશવટો મળે છે.

વાત્સલ્ય સાગર હે નાથ ! આપના નયનોમાં કરૂણાના અમૃત ભર્યા છે.

આંખ આત્માની આરસી છે. જેવો ભાવ અંદર ઉછળતો હોય છે. તેવી છબિ આંખમાં પડે છે.

આત્મા અને આંખ વચ્ચે એકવાક્યતા ત્યારે સ્થપાય છે, જ્યારે આંખમાં સર્વાત્મભાવ અંજાય છે. આ અંજન બહારથી નથી થઇ શકતું, પણ અંતર્વર્તી પરિણામ દ્વારા થાય છે. જો પરિણામ મેલું તો આંખ મેલી. જો પરિણામ નિર્મળ તો આંખ નિર્મળ.

પરિણામ કરૂણાવાસિત ત્યારે બને છે, જ્યારે જગતના જીવોની ભાવ-દરિદ્રતા જોઈ ને હૃદયમાં અપાર વ્યથા જન્મે છે. એક સમયમાં સિદ્ધશિલા પર પહોંચવાની ક્ષમતાવાળા આત્માને કર્મની ઠોકરો ખાતાં જોવાથી શ્રી જિનેશ્વરદેવના આત્મામાં જે કરૂણા ઉભરાય છે તેનું વર્ણન શક્ય નથી.

પોતાના એકના એક પુત્રને અકાળે મોતના મુખમાં હોમાતો જોઈને જે વ્યથા માતાના હૃદયમાં જન્મે છે. તેના કરતા અનંતગુણી વ્યથા શ્રી જિનેશ્વરદેવના હૃદયમાં જગતના જીવોની દયનીય દશા જોઈ ને ઉત્પન્ન થાય છે.

આવા પરમ કરૂણાવંત સ્વામીની કરૂણામાં ભીંજાવાનો લહાવો આપણને મળ્યો છે તે આપણા ઉજ્જવળ ભાવિની નિશાની છે. માટે મને શ્રી જિનરાજની સેવા ખરેખર ગમે છે.

જેઓશ્રીએ મારા પાપોની ઉપેક્ષા કરી અને મારા ઉત્કૃષ્ટ મંગળને જ ભાવ આપ્યો તે શ્રી જિનરાજને જો હું હૃદય ન આપી શકું તો હું આ સંસારમાં કોઇને પણ વફાદાર રહી શકું કે કેમ તે સવાલ છે.

જો જો મારા ભાઈ ! કેવી નિર્મળ કરૂણા નીતરે છે એ બે નયનોમાંથી. જેણે ચંડકૌશિકને ઠાર્યો તેમ જ તાર્યો. ચંદનબાળાને પરમાત્મપદનું ઘેલું લગાડયું. કાષ્ઠમાં બળતા નાગને ધરણેન્દ્ર બનાવ્યો.

સમગ્ર વિશ્વ ઉપર જેનું વર્ચસ્વ છે, તે કરૂણા, ઉત્કૃષ્ટ ભાવ-દયા-સહજ-વાત્સલ્યવંત હે સ્વામી ! મને આપ એવા ગમો છો કે આપને નહિ ગમનારા જડના રાગને મહારોગ સમજ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વામાં હવે મને મુશ્કેલી પડતી નથી. ચૈતન્યનું બહુમાન કરવું એ ધર્મ છે, એ સત્ય આપની કરૂણા ઝીલતાં મને સ્પર્શ્યું છે.

મીઠી મોહક પાપવિનાશક – કર્મ વિદારક, વાત્સલ્યવંતી, આપની વાણી હે દેવાધિદેવ! પશુ-પંખીઓને પણ આત્મ જોમવંતા બનાવે છે. તો માનવ એવા મને તે વશ કરે તે સ્વાભાવિક છે આ વશીકરણના મૂળમાં રહેલા આપના સહજ વાત્સલ્યને હે સ્વામિ ? હું કરોડો વાર નમસ્કાર કરું છું.

આત્માનું બહુમાન કરનારી આપની વાણીના અમૃતનું પાન કરવા માટે આજે પણ આપની આજ્ઞાને સમર્પિત મહાત્માઓ વિદ્યમાન છે એ આપના વિરહકાળમાં અમારા માટે મોટું આશ્રય સ્થાન છે.

હે શ્રી જિનેશ્વર દેવ ! આપના સમવસરણમાં દેવો અને માનવોની સાથે પશુ પંખીઓ પણ હાજર રહીને આપની વાત્સલ્યવંતી વાણીના અમૃતનું પાન કરી શકે છે. તે ઘટના જ આપના નિઃસીમ પ્રેમનો પુરાવો છે.

એટલે બાળકને પોતાની જનેતા જેવા મને આપ લાગો છો. આપે જે ચિંતા આ આત્માની કરી છે, જે ભાવ સર્વ આત્માઓને આપ્યો છે, તેનો વિચાર કરૂં છું તો મને આપ પરમ ઉપકારી હોવાનું શાસ્ત્ર સત્ય સો ટચનું પ્રતીત થાય છે.

જીવ માત્રને ચાહનારા હે જિનરાજ ! આપનું શરણું મને જે શાતા આપે છે, તેનો લોભ મને દિનરાત આપની સેવામાં રહેવાની પ્રેરણા કરે છે.

પુદ્‌ગલ સાથે પ્રીત, એ નથી જિનશાસનની રીત ! શ્રી જિનશાસન તો આત્મપ્રીતિપૂર્ણ છે. માટે આત્મ પ્રીતિવાન બનવા માટે એક તેનું જ શરણું અનિવાર્ય છે.

જગબંધુ શ્રી જિનેશ્વરદેવને હૃદયનાં દેવ બનાવવાનું સત્વ પણ તેમને મન લઈને ભજવાથી જ પ્રગટે છે.

સકળ જીવલોક સાથેના પરમ સંબંધને સાધવારૂપ ધર્મના દાતાર શ્રી જિનરાજની ભક્તિ કરનારા મનમાં સંસાર દાખલ ન થઈ શકે. જેમ સતીના મનમાં પર પુરૂષ દાખલ નથી થઇ શકતો.

હે વહાલા જિનેશ્વર વીતરાગ ! આપનો રાગ મારી રગ રગમાં પરિણત થજો ! 卐 卐 卐

---

( અનુસંધાન પેજ ૧૭૪નું ચાલુ )

બીજી કોઈ પણ આકાંક્ષા નહોતી.

તેમણે ૫૦ વર્ષની ઉંમરે દીક્ષા અંગીકાર કરી હતી અને એંશી વર્ષની ઉંમરે તેઓ કેવળજ્ઞાની થયા. દીક્ષા અંગીકાર કરતાજ તેમણે તપસાધના શરૂ કરી દીધી હતી અને તે નિરન્તર ચાલુ રહી હતી.

તેમનામાં અનેક લબ્ધિઓ હતી પણ તેમણે કદી સ્વાર્થ સિદ્ધિ માટે તેનો ઉપયોગ કર્યો નથી. જો જરૂર પડી તો જનકલ્યાણ માટેજ તે શક્તિઓનો ઉપયોગ કરતા. શાસ્ત્રમાં એટલે સુધી વર્ણન છે કે તેમના શરીરનો સ્પર્શ કરીને જે હવા વહેતી તેનાથી રોગીઓના રોગ દૂર થઇ જતા. આ એમની અપાર કરુણા, દયા, તેમજ સદ્‌ભાવનાનોજ પ્રભાવ હતો.

તેથીજ આપણે સૌ પ્રાતઃકાળના જ્યોતિર્મય મંગલ સમયે તે મહાન્ જ્યોતિર્ધર ગુરુનું સ્મરણ કરીએ છીએ. તેમના મહાન્ જીવન સાગરમાંથી નમ્રતાનું, સદ્‌ભાવનાનું, કરુણાનુ તેમજ સમર્પણ ભાવનાનું એક બિંદુ પણ જો આપણને મળી જાય, તો આપણું જીવન જ્યોતિથી ઝગહળી ઊઠે. આપણે પ્રાર્થના કરીએ કે આ મહાપુરુષોના જીવનનું આ સૂત્ર આપણા જીવનમાં ઓતપ્રોત થાય :- "સેવા કરો, જેટલી બને તેટલી સેવા કરો, પણ સેવા લેવાની કામના ન કરો."

મહાપુરૂષોનું સ્મરણ આપણા મનને પવિત્ર બનાવે છે, વાણીને મધુર બનાવે છે, કર્મને પાવન બનાવે છે.

આવા પરમ પાવનકારી ગણધર ગૌતમસ્વામીને કોટી કોટી પ્રણામ.

હિન્દી ઉપરથી સંકલિત.
સંકલનકાર : 'રક્તતેજ'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી નમસ્કાર મહામંત્ર

સંકલન : **શ્રી હીરાલાલ બી. શાહ**

**શ્રી** નમસ્કાર મહામંત્ર ચૌદ પૂર્વરૂપ વિશાળ શ્રુતના સારરૂપ મહામંત્ર છે. નવકારના દરેક અક્ષરોને મંત્રવિદો મહાન મંત્રરૂપ માને છે. આઠ સંપદા અને નવપદમાં, શ્રી નમસ્કાર પદના પાંત્રીશ અક્ષરો અને ચુલિકાના તેત્રીશ અક્ષરો મળી અડસઠે અક્ષરોને સંપૂર્ણપણે દેવાધિષ્ઠિત માનેલા છે. જેના સમ્યગ્ આરાધનથી આરાધક અષ્ટ મહાસિદ્ધિ અને નવ મહાનિધિ રૂપ બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારની સંપદા સંપ્રાપ્ત કરે છે. નવના આંકને અંક શાસ્ત્રીઓ અભંગ અને સર્વોચ્ચ કક્ષાનો આંક માને છે.

સદ્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મરૂપ તત્ત્વત્રયી સાથે જેના પદો સદાકાળ સંકલિત છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીના પરમ પુનિત પ્રકાશથી જેના સર્વાંગ દરેક અક્ષરો પ્રકાશિત છે.

સમ્યગ્શ્રુત અને સમ્યગ્ ચારિત્રરૂપ બંને પ્રકારના મહાબળી ધર્મના-બળ જેના બંધારણના પ્રદેશે પ્રદેશે પ્રસરેલા છે.

દાન, શીયળ, તપ અને ભાવરૂપ ચારે ધર્મનો ચતુષ્કોણ સંગમ જેના પ્રાંગણમાં સળંગ રીતે પથરાએલો છે. સાકાર અને નિરાકાર બને પ્રકારના વિશુદ્ધ બળોના આત્મ-આંદોલનથી આંદોલિત તથા ગુણો અને ગુણીઓની અભેદ સંકલના સ્વરૂપ શ્રી સિદ્ધચક્રના નવે પદો અને શ્રી વીશસ્થાનકના વીશે પદો જેમાં સદાય અવિચળપણે અવસ્થિત રહેલા છે. પંચ પરમેષ્ટિ ભગવંતોના દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર મુખ્ય ગુણો છે, એ પાંચ-ગુણી અને ચાર-ગુણોનું ચક્ર-આલેખન તે સિદ્ધચક્ર-યંત્ર છે. અને વિવક્ષા ભેદે, વીસ પદ આલેખન તે વીસ-સ્થાનક યંત્ર છે. સમ્યગ્દૃષ્ટિ જીવોની વિવિધ પ્રકારની ધર્મ આરાધના અને સમસ્ત પ્રકારની વ્રત ઉપાસના. તે દરેકનું હાર્દ નમસ્કાર મહામંત્ર છે.

સર્વતીર્થનું તીર્થ, સર્વમંત્રનો મંત્ર, સર્વ નિધાનમાં શ્રેષ્ટ નિધાન, એવા મહામંત્ર નવકારનું ત્રિકરણ શુદ્ધિથી ધ્યાન કરવુ તે સર્વ શ્રેય પ્રાપ્તિનો શ્રેષ્ટ ઉપાય છે. જે સર્વ મંગલ સમૂહની માંગલિકતાના મહાલયરૂપ અજોડ અને શ્રેષ્ટ ભાવમંગળ છે.

પૂર્વાદિ ચાર દિશાઓ જેમ અનવધિ છે તે રીતે નવકારની કાળ-મર્યાદા અનવધિ છે. અનંત ચોવીશી ગઈ અને અનંત ચોવીશી જશે છતાં જેમ કાળનું સ્વરૂપ અનાદિ અનંત છે, તેમ નવકાર મંત્રનું હોવું અનાદિ અનંત છે. જેનો અક્ષર દેહ અને અક્ષર દેહની તાકાત બંને અક્ષર છે, સદાકાળ વિદ્યમાન છે, અનાદિ અનંત છે.

શ્રી નમસ્કાર મહામંત્ર તે દરેક સમ્યગ્ ઉપાસના, સાધના અને આરાધનામાં યોગ્ય તાકાત ફેલાવનાર કરન્ટ છે. એ જ નમસ્કાર મહામંત્ર આધ્યાત્મિક તાકાત કેન્દ્રના સંચાલનમાં પૂરતો પૂરવઠો પૂરો પાડનાર આંતર પૂરવઠા કેન્દ્ર છે.

સમ્યગ્ રીતે જો નવકાર મંત્ર સમજી શકાય તો તે દરેક પ્રકારની સમૃદ્ધિથી ભરપૂર અપૂર્વ ખજાનો છે. જેમાં આંતર-બાહ્ય બંને પ્રકારની ભરપૂર રિદ્ધિઓ ભરેલી છે તે ખજાનાની ગુપ્ત ચાવીઓ ગુરૂગમ દ્વારા સાંપડે છે. અનેક અકળ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કળની ખુબીઓ શ્રુતધર ગુરુદેવોના સહવાસથી સમજાય છે. પુસ્તકો માર્ગ પ્રતિપાદન કરે છે. જ્યારે માર્ગજ્ઞાતા ગુરુદેવો સ્વયં અનુભવેલ માર્ગનો મર્મ સમજાવે છે.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમહારાજ એ પાંચે પરમેષ્ટિ ભગવંતો અનુક્રમે બાર-આઠ-છત્રીશ-પચ્ચીશ અને સત્યાવીશ ગુણોના ધારક છે. જેના સર્વગુણો ૧૦૮ થાય છે. એ ૧૦૮ ગુણોના ગુણ સમૂહરૂપ શ્રી નમસ્કાર મંત્રનું સ્મરણ મોક્ષદાયક બને છે. પંચ પરમેષ્ટિ ભગવંતોના ૧૦૮ ગુણોને આશ્રયીને તેના જપની માળાને ૧૦૮ પારા હોય છે. માળા દ્વારા શ્રી નવકાર મંત્રનો જાપ થતો હોવાથી માળાને નવકારવાળી કહેવાય છે.

મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ નમસ્કાર મહામંત્ર સર્વ પાપરૂપી વિષનો નાશ કરે છે. યોગશાસ્ત્રની દૃષ્ટિએ પદસ્થ ધ્યાન માટે એના પરમપવિત્ર પદોનું આલંબન છે. આગમ સાહિત્યની દૃષ્ટિએ સર્વ-શ્રુતમાં અભ્યંતર રહેલો છે તથા ચૂલિકા સહિત તે મહા શ્રુત સ્કંધની ઉપમાને પ્રાપ્ત થયેલો છે. કર્મસાહિત્યની દૃષ્ટિએ એક એક અક્ષરની પ્રાપ્તિ માટે અનન્તાનન્ત કર્મ સ્પર્ધકોનો વિનાશ અપેક્ષિત છે. તથા એક એક અક્ષરના ઉચ્ચારણથી પણ અનંત અનંત કર્મ રસાણુઓનો વિગમ થાય છે.

ઐહિક દૃષ્ટિએ આ જન્મની અંદર પ્રશસ્ત અર્થ કામ અને આરોગ્યની પ્રાપ્તિ તથા તેના યોગે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. પરલોકની દૃષ્ટિએ મુક્તિ તથા મુક્તિ ન મળે ત્યાં સુધી ઉત્તમ મનુષ્ય-કુળની પ્રાપ્તિ કરાવે છે, તેના પરિણામે જીવને થોડાજ કાળમાં બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.

દ્રવ્યાનુયોગીની દૃષ્ટિએ પહેલા બે પદો પોતાના આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે. અને પછીના ત્રણ પદો શુદ્ધ સ્વરૂપની સાધક અવસ્થાના શુદ્ધ પ્રતિકરૂપ છે. ચરણકરણાનુયોગની દૃષ્ટિએ સાધુ અને શ્રાવકની સમાચારીના પાલનમાં મંગલ માટે અને વિઘ્ન નિવારણ માટે તેનું ઉચ્ચારણ વારંવાર આવશ્યક છે.

ગણિતાનુયોગની દૃષ્ટિએ નવકારના પદોની નવની સંખ્યા ગણિત શાસ્ત્રના નિયમ પ્રમાણે બીજી સંખ્યાઓ કરતાં અખંડતા અને અભંગતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તથા નવની સંખ્યા નિત્ય અભિનવભાવોનું ઉત્પાદન કરે છે. ધર્મકથાનુયોગની દૃષ્ટિએ અરિહંતાદિ પાંચ પરમેષ્ઠીઓના જીવન ચરિત્રો અદ્ભુત કથા સ્વરૂપ છે.

ચતુર્વિધ સંઘની દૃષ્ટિએ નવકાર મંત્ર સૌને એક સાંકળે સાંધનારો તથા બધાઓને સમાન દરજ્જે પહોંચાડનારો છે. વ્યક્તિગત ઉન્નતિની દૃષ્ટિએ કોઇ પણ જાતની બાહ્ય સાધન સામગ્રીના અભાવે પણ સાધક કેવળ માનસિક બળથી સર્વોચ્ચ ઉન્નતિની ટોચે પહોંચી શકે છે.

અનિષ્ટ-નિવારણની દૃષ્ટિએ નવકારનું સ્મરણ અશુભ-કર્મના વિપાકોદયને રોકી દે છે અને શુભ કર્મના વિપાકોદયને અનુકૂળ બનાવે છે, તેથી નવકારના પ્રભાવે બધા અનિષ્ટો ઇષ્ટ રૂપે બદલાઈ જાય છે. ઈષ્ટ-સિદ્ધિની દૃષ્ટિએ નવકાર શારીરિક બળ, માનસિક, આર્થિક વૈભવ, રાજકીય સત્તા, ઐહિક સંપત્તિ તથા બીજા પણ અનેક પ્રકારના ઐશ્વર્ય પ્રભાવ અને ઉન્નતિને આપનાર થાય છે.

ટૂંકમાં શ્રી નમસ્કાર મહામંત્ર ચિત્તની મલિનતા અને દોષોને દૂર કરીને નિર્મળતા અને ઉજ્જવળતાને પ્રગટાવી આપે છે. સર્વ ઉન્નતિનું બીજ ચિત્તની નિર્મળતા છે, એ નિર્મળતા શ્રી નમસ્કાર મહામંત્રથી સહજ રીતે સિદ્ધ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દૃષ્ટિ તેવી સૃષ્ટિ

લેખક : રમેશ લાલજી ગાલા લાયજા મોટા

દુનિયાના રંગરાગ ઘણા જ જુદા છે કારણ એક ને એક દેખાય છે અને બીજાને બીજુ પછી ભલે વસ્તુ એક જ હોય.

થોડાક સમય પહેલાની વાત છે. એક દિવસ કૃષ્ણ મહારાજા સભા ભરી બેઠા હતા, જાતજાતના અને ભાતભાતના લોકો એકઠા થયા હતા. તેમાં કેટલાક વિદ્વાન હતા, કેટલાક મહેનતુ અને કેટલાક આળસુ હતા. આ બધાની વચ્ચે મહારાજાએ ધર્મરાજાને ઉભો કરી પ્રશ્ન કર્યો હે ધર્મરાજ ! આજની આ પાંડવોની સભામાં તને કયો માણસ ખરાબ લાગે છે ? ત્યારે ધર્મરાજે નમ્રતાપૂર્વક કહ્યુ કે હે મહારાજા ! આ સભામાં બધા સારા છે, કોઈ પણ મારી નજરે ખરાબ દેખાતો નથી. શાબાશ, શાબાશ, ધર્મરાજ ચિરંજીવ કહી એને પોતાની પાસે બેસાડયો.

ત્યારબાદ દુર્યોધનને એ જ પ્રશ્ન કર્યો ત્યારે દુર્યોધને ફરી ફરી સમસ્ત સભા તરફ દૃષ્ટિ ફેરવી સારો માણસ શોધવા ઘણો પ્રયત્ન કર્યો પણ એને કોઇ સારા માણસની ભાળ મળી શકી નહિ. અંતે થાકી શ્રી કૃષ્ણ પાસે આવીને કહ્યુ કે મહારાજા ! મેં આ સભામાં સારો માણસ શોધવા ઘણો પ્રયત્ન કર્યો. પણ હજી સુધી કોઈ સારો માણસ મારી નજરે પડયો નહિ એટલે હું કહું છું કે અહીં બેઠેલા બધા ખરાબ છે.

શ્રી કૃષ્ણે દુર્યોધનને પણ પોતાની પાસે બેસાડી શાબાશી આપી અને પછી બંનેને સંબોધી કહ્યું કે હે આર્યો ! આ પૃથ્વી ઉપર પ્રત્યેક માનવ અવગુણી હોય છે. સર્વ ગુણી તો એક માત્ર ઈશ્વર જ હોય છે છતાં અવગુણી ને ગુણી તરીકે જોવામાં આપણી આંખની કીકીઓનું કામ છે. માણસ ગમે તેટલો ખરાબ હોય પણ સામી વ્યક્તિ જો દોષને જોયા વગર ગુણ જોવા લાગે તો ખરેખર એને અવગુણી પણ ગુણી લાગે છે, તો ધર્મરાજ સમદૃષ્ટિ અથવા સમ્યક્‌દૃષ્ટિ જીવ છે એ કોઈને ખરાબ ગણતા નથી એટલે એમને માટે બધા ગુણી આત્મા છે.

જ્યારે આપશ્રી મિથ્યાદૃષ્ટિ અથવા દોષદૃષ્ટિ વાળા છો તેથી આપશ્રી બધાને ખરાબ-દોષવાળા જોઇ શકો છો. એક કહેવત પણ છે કે "યાદૃશી દૃષ્ટિ તાદૃશી સૃષ્ટિ" જેની દૃષ્ટિ બગડેલી હોય તેને આખી દુનિયા દોષીત જ જણાય છે.

માટે દૃષ્ટિને પહેલા સુધારવી પછી જ આગળ ચાલવું. જ્યાં સુધી આપણામાંથી દોષદૃષ્ટિ ક્ષય થશે નહિં ત્યાં સુધી આપણે સાચા માનવ બની શકીશું નહીં.

એક કવિએ સાચું જ કહ્યું છે કે,

જગત જીવ હૈ સબ કર્માધીના,
અચરજ કછું અનલીના.
આપ સ્વભાવ મેં રે, અવધૂ.
સદા મગન મેં રહેના.

ટુંકમાં ખરાબ દૃષ્ટિવાળો જીવ કયારેય જીવન વિકાસ કરી શકતો નથી. માટે બીજાના દોષો જોવા કરતાં પોતાના દોષો જોવા એમાં જ આપણી કમાણી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

લેખક : રતીલાલ દીપચંદ દેસાઇ

"હું ન જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું, ન શૈવ, ન હિન્દુ છું, ન મુસલમાન, હું વીતરાગ દેવ પરમાત્માને શોધવાના માર્ગે વીચરવાવાળો એક માનવી છું. યાત્રાળુ છું, આજે સૌ શાંતિની ચાહના કરે છે, પરંતુ શાંતિની શોધ તો સૌથી પહેલાં પોતાના મનમાં જ થવી જોઈએ."

ગંભીરતા અને વિનમ્રતાપૂર્વક આચાર્યશ્રીના અંતરમાંથી, અમૃતની સરવાણીની જેમ, વહી નીકળેલા આ શબ્દો આચાર્યશ્રીની જુદા જુદા નામોથી ઓળખાતા ધર્મોના બાહ્ય સ્વરૂપથી ઊંચે ઉઠીને આત્મધર્મની પોતાની જાતની ખોજની ઉત્કૃષ્ટ તમન્નાનું સૂચન કરવા સાથે જૈન ધર્મની અનેકાંતવાદની સત્યગામી અને ગુણગ્રાહી ભાવના તેઓના જીવનમાં કેવી ઓતપ્રોત થઈ ગઇ હતી, એનું દર્શન કરાવે છે.

જૈન ધર્મે જીવન સાધનામાં અહિંસાને પ્રાધાન્ય આપીને વિશ્વભરના જીવો સાથે ત્રી કેળવવાનો આદેશ આપ્યો છે. યુગદર્શી આચાર્યશ્રીએ એ આદેશને ઝીલી લઇને પોતાના હૃદયને વિશાળ, કરુણાપરાયણ અને સંવેદનશીલ બનાવ્યું હતું. અને સમગ્ર માનવજાત પ્રત્યે સમભાવ કેળવ્યો હતો. કોઈનું પણ દુઃખ દર્દ જોઇને એમનું અંતર કરુણાભીનું બની જતું અને એના નિવારણનો શકય પુરૂષાર્થ કર્યા પછી જ એમને નિરાંત થતી. આ રીતે તેઓ વેશથી જૈનધર્મના ગુરૂ હોવા છતાં અંતરથી તો સર્વના હિતચિંતક એક આદર્શ લોકગુરૂ જ બન્યા હતા. અને આવી ઉન્નત ભાવનાના બળે જ ઉપર મુજબના શબ્દો ઉચ્ચારી શકયા હતા.

વિ. સં. ૧૯૨૭ના ભાઈબીજના દિવસે એમનો જન્મ. તેઓનું વતન વિદ્યા, કળા અને સંસ્કારિતાની ભૂમિ વડોદરા શહેર. તેઓની જ્ઞાતિ વીસાશ્રીમાળી. પિતાનું નામ દીપચંદભાઈ. માતાનું નામ ઇચ્છાબેન. એમનું પોતાનું નામ છગનલાલ. કુટુંબ ખૂબ ધર્મપરાયણ, એટલે છગનલાલને ઝુલતા ઝુલતા જ ધર્મ સંસ્કારનું પાન કરવાનો સુયોગ મળ્યો હતો. દસ-બાર વર્ષની ઉમર થતાં તો પિતા અને માતા બન્નેની છત્રછાયા ઝુંટવાઇ ગઈ! મરણ પથારીએ પડેલી માતાએ પોતાના પુત્રને આ જન્મમાં તેમ જ જન્માંતરમાં પણ ઉપયોગી થાય એવી શિખામણ આપતા કહ્યુ, કે "બેટા, અર્હંતનું શરણ સ્વીકારજે, અને અનંત સુખના ધામમાં પહોંચાડે એવા શાશ્વત ધર્મદાનને જગતના જીવોનું કલ્યાણ કરવામાં તારૂં જીવન વિતાવજે."

છગનને એકલવાયું ન લાગે અને એનું ચિત્ત પ્રસન્ન રહે એ માટે બન્ને મોટા ભાઇઓ શ્રી હીરાભાઇ અને શ્રી ખીમચંદભાઈ ખૂબ તકેદારી રાખતા. પણ છગનલાલનો જીવ કંઇક જુદી જ માટીનો હતો. એનું ચિત્ત ઘરસંસારનો ત્યાગ કરીને ત્યાગધર્મની દીક્ષા લેવા માટે ઝંખી રહ્યુ : કયારે એવો અવસર આવે, અને હું કયારે સાધુજીવન સ્વીકારું !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને એવો પુણ્ય અવસર પણ આવી ગયો. વિ. સં. ૧૯૪૨માં જૈનસંઘના મહાન પ્રભાવક આચાર્યશ્રી વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજ વડોદરા પધાર્યા. એમની ધર્મદેશના છગનના અંતરને સ્પર્શી ગઈ. એ ભાગવતી દીક્ષા લેવા તત્પર થઇ ગયો. હવે સંસારનું બંધન એને એક પળ માટે પણ ખપતું ન હતું. છેવટે, મોટા ભાઈઓ અને કુટુંબીજનોની નારાજી વહોરીને પણ એણે વિ. સં. ૧૯૪૩ની સાલમાં રાધનપુરમાં, શ્રી આત્મારામજી મહારાજ પાસે, મુનિશ્રી હર્ષવિજયજીનાં શિષ્ય તરીકે, દીક્ષા લીધી. નામ મુનિશ્રી વલ્લભવિજય રાખવામાં આવ્યું ભૂખ્યાને ભાવતા ભોજન મળે એમ, છગનનો આત્મા ખૂબ આહ્લાદ અનુભવી રહ્યો એક પળ પણ નિરર્થક વિતાવવાને બદલે તેઓ ગુરૂસેવા અને જ્ઞાન ચારિત્રની આરાધનામાં લાગી ગયા. શ્રી આત્મારામજી મહારાજના તેઓ ખૂબ પ્રીતિપાત્ર બની ગયા—જાણે કાયાની છાયા જ સમજો.!

ત્રણ ચોમાસા ગુજરાત અને રાજસ્થાનમાં કરીને તેઓ દાદાગુરૂજીની સાથે પંજાબ ગયા ત્યાં એકધારા ૧૯ ચોમાસા કરીને પંજાબના શ્રીસંઘની ધર્મશ્રદ્ધાને ખૂબ દૃઢ બનાવી. ૧૯ ચોમાસામ દાદાગુરૂજીની સાથે જ કર્યા અને, વિ. સં. ૧૯૫૨માં દાદાગુરૂજીનો સ્વર્ગવાસ થતા, ૧૩ ચોમાસા બીજા મુનિવરો સાથે કર્યા. અંત સમયે જેમ માતાએ હિતશિખામણ આપી હતી, એ રીતે જ દાદાગુરૂજીએ અંતિમ આદેશ મુનિ શ્રી વલ્લભવિજયને કર્યો હતો, કે સમાજના ઉત્કર્ષ માટે ઠેર ઠેર વિદ્યામંદિરો સ્થપાવજો, અને પંજાબને સંભાળજો!

જેમના ચરણે મુનિ વલ્લભવિજયજીએ પોતાનું જીવન અને સર્વસ્વ સમર્પિત કર્યું હતું, એ વાત્સલ્યમૂર્તિ દાદાગુરૂના સ્વર્ગવાસથી તેઓને ન કલ્પી શકાય એટલો આઘાત લાગ્યો. પણ કુદરતના સહજ ક્રમ પ્રમાણે આવી પડેલ આપત્તિથી હતાશ–નિરાશ થઇને નિષ્ક્રિય બની જવું એ મુનિશ્રી વલ્લભવિજયજીના સ્વભાવમાં જ ન હતું. દાદાગુરૂજીના પારસમણિ જેવા સહવાસને લીધે જીવનમાં ધીરજ, હિંમત અને સમતાનું જે તેજ પ્રગટ્યું હતું, એની જાણે કસોટી થવાની હતી. મુનિ શ્રી વલ્લભવિજયજી પંજાબના શ્રી સંઘની ધર્મશ્રદ્ધાને દૃઢ કરવાના અને સરસ્વતી મંદિરોની સ્થાપનાના કાર્યમાં દત્તચિત્ત બની ગયા. પંજાબ શ્રી સંઘમાં બાળકોથી લઈને તે વૃદ્ધો સુધી સૌ કોઈનાં અંતરમાં ગુરૂવલ્લભ વસી ગયા તે તેઓની સંઘના ઉત્કર્ષની આવી ઉમદા ભાવના અને પ્રવૃત્તિને કારણે જ. ગુરૂ વલ્લભનું નામ પડે છે, અને પંજાબના શ્રી સંઘનું અંતર આદર અને ભક્તિથી ગદગદ બની જાય છે.

"ન ધર્મો ધર્મિકૈર્વિના" – ધર્મ એના અનુયાયીઓમાં જ ટકી રહે છે એ સૂત્રનો ભાવ મુનિ શ્રી વલ્લભવિજયજીના અંતરમાં બરાબર વસી ગયો હતો. વળી, પોતાની દીર્ઘ દૃષ્ટિને કારણે, તેઓ પલટાતા સમયના એંધાણ પણ પારખી શકતા હતા. વળી સંઘની શક્તિને ટકાવી રાખવા માટે અને સમાજનો ઉત્કર્ષ સાધવા માટે તેઓએ ત્રણ મુદ્દાઓ નક્કી કર્યા હતા:

(૧) સમાજની ઉગતી પેઢીને દરેક કક્ષાનું વ્યાવહારિક તથા ધાર્મિક શિક્ષણ મળતું રહે એવી વ્યવસ્થા કરવી.

(૨) સંઘશક્તિને ટકાવી રાખવા માટે જૈન સંઘના બધા ફિરકા વચ્ચે સંપ અને સંગઠનની ભાવનાને પ્રોત્સાહન મળે એવું વાતાવરણ ઉભું કરવું.

(૩) સમાજનો ગરીબ અને મધ્યમવર્ગ આર્થિક ભીંસમાં પિસાઈ ન જાય એ માટે ઉદ્યોગગૃહ જેવી સંસ્થાઓની સ્થાપના કરવી અને એ માટે મોટું ભંડોળ એકત્ર કરવું.

તેઓની આ ભાવનાને તેઓના જ શબ્દોમાં જોઈએ. :



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"અત્યારે હજારો જૈન કુટુંબો પાસે ખાવા પૂરતું અન્ન નથી, પહેરવા પૂરતાં કપડાં નથી, માંદાની સારવાર માટે અને પોતાના બાળકોને ભણાવવા માટે પાસે પૈસા નથી. આજે મધ્યમ-વર્ગના આપણા ભાઈ-બહેન દુઃખની ચક્કીમાં પિસાઈ રહ્યા છે. જો મધ્યમ વર્ગ જીવતો રહેશે તો જ જૈન જગત પણ ટકી રહેશે. ધનિક વર્ગ લહેર કરે અને આપણાં સાધર્મી ભાઇઓ ભૂખે મરે એ સામાજિક ન્યાય નહીં પણ અન્યાય છે." "સંસારનો ત્યાગ કરી, આ વેશ પહેરી, ભગવાન મહાવીરની જેમ, અમારે અમારા જીવનની પળે-પળનો હિસાબ આપવાનો છે, આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે, પણ સમાજ, ધર્મ અને દેશના ઉત્કર્ષમાં આ જીવનમાં જે કાંઇ ફાળો આપી શકાય, તે આપવાનું કેમ ભૂલી શકાય?"

"સાધર્મિક વાત્સલ્યનો અર્થ કેવળ મિષ્ટાન્ન ખવડાવવું એવો જ નથી, પરંતુ સાધર્મિક ભાઈઓને કામે લગાડીને એમને પગભર બનાવવા, એ પણ સાચું સાધર્મિક વાત્સલ્ય છે."

"સેવા, સંગઠન, સ્વાવલંબન, શિક્ષણ અને જૈન સાહિત્યનું પ્રકાશન તથા એનો પ્રચાર-આ પાંચ બાબતો ઉપર જ જૈન સમાજની ઉન્નતિનો આધાર છે."

"બને કે ન બને, પણ મારો આત્મા એમ ચાહે છે, કે સાંપ્રદાયિકતા દૂર થાય અને જૈન સમાજ શ્રી મહાવીર સ્વામીના નેજા નીચે એકત્ર થઈને શ્રી મહાવીર સ્વામીની જય બોલે."

આચાર્યશ્રી ખાદી પહેરતા હતા, એ હકીકત પણ તેઓની રાષ્ટ્રભાવનાની સાક્ષી બની રહે એવી છે.

પંજાબમાં એકધારાં ૧૮ વર્ષ સુધી કામ કર્યા પછી જ્યારે તેઓએ ગુજરાત તરફ વિહાર કર્યો ત્યારે સમાજના ઉત્કર્ષ માટે, સમયની હાકલને ધ્યાનમાં લઈને, શું શું કરવાની જરૂર છે એ અંગેના એમના વિચારો પરિપકવ થઈ ચૂકયા હતા. અને હવે તો એ વિચારોને રચનાત્મક સ્વરૂપ આપવાની જ જરૂર હતી. આ યોજનામાં મુખ્યત્વે બે બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હતી; એક તો, જૈન સંઘની નવી પેઢી વિદ્યાની દરેકે દરેક શાખામાં નિપુણતા મેળવે એ માટે શિક્ષણ સંસ્થાઓ કે વિદ્યાર્થીગૃહો સ્થપાવવા, અને બીજી, સમાજના જરૂરિયાતવાળાં ભાઇઓ-બહેનોને જરૂર પૂરતી પૂરક સહાય મળતી રહે એ માટે કાંઈક કાયમી વ્યવસ્થા કરવી, જેમકે એ માટે મેં ટું ફંડ એકઠું કરવું અને ઉદ્યોગગૃહોની સ્થાપના કરવી.

ગુજરાત તરફના વિહારમાં આ યોજનાને તેઓએ અગ્રસ્થાન આપ્યું. અને જૈન સંઘ આ યોજનાનું મહત્વ જ સમજે એ માટે અવિરત પુરૂષાર્થ આદર્યો તેઓના આ પુરૂષાર્થને લીધે જ પંજાબ, રાજસ્થાન, ગુજરાત તેમજ મહારાષ્ટ્રમાં નાની-મોટી શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થીગૃહો સ્થપાયા. આ ઉપરાંત સને ૧૯૧૪-૧૫માં, મુંબઈમાં સ્થપાયેલ અને સમય જતા અનેક શાખાઓ રૂપે વિસ્તાર પામેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, એ પણ આચાર્યશ્રીની પ્રેરણા અને ભાવનાનું જ ફળ છે.

આચાર્યશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ આવી સંસ્થાઓ ઉત્તરોત્તર વિકાસ સાધી શકી એમાં એમની દૂરંદેશી, સમયજ્ઞતા અને નિર્મોહવૃત્તિનો ફાળો કંઈ જેવો તેવો નથી. દરેક સંસ્થા પોતાના ધારાધોરણ પ્રમાણે કામ કરતી રહે એમાં જ પ્રસન્નતા અનુભવતા. આવી અનાસક્તિ કે અલિપ્તતા અતિવિરલ જોવા મળે છે.

આવી જ નિર્મોહવૃત્તિ તેઓએ આચાર્યપદવી માટે દર્શાવી હતી. પંજાબના સંઘે તો તેઓને છેક વિ. સં. ૧૯૫૭માં આચાર્યપદ સ્વીકારવાની આગ્રહભરી વિનંતિ કરી હતી, પણ મુનિ શ્રી વલ્લભવિજયજીએ વિનમ્રતાપૂર્વક એનો ઈન્કાર કર્યો હતો. આ પછી છેક ચોવીશ વર્ષે, વિ. સં. ૧૯૮૧માં, પંજાબ શ્રી સંઘના આગ્રહને વશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઇને, લાહોરમાં, તેઓએ આચાર્યપદનો સ્વીકાર કર્યો હતો.

વિ. સં. ૨૦૦૬માં, જૈન કોન્ફરન્સનું અધિવેશન ફાલનામાં મળ્યું ત્યારે, સંઘની એકતાના મનોરથ સેવતા આચાર્યશ્રીએ લાગણીભીના સ્વરે એમ કહ્યું હતું, કે "જો આપણા સંઘની એકતા સાધવા માટે જરૂર પડે તો હું મારું આચાર્યપદ છોડવા તૈયાર છુ," જૈન સંઘની એકતા માટેની આ કેવી ભવ્ય ઝંખના! આ જ રીતે તેઓ ઇચ્છતા હતા, કે જૈનોના બધા ફિરકાઓમાં પણ એકતા સ્થપાય

આચાર્યશ્રીના સંઘનાયક પદની ખરેખરી અગ્નિપરીક્ષા થઇ સને ૧૯૪૭માં, દેશના વિભાજન વખતે. ત્યારે આખો દેશ કોમી હુતાશનમાં ઓરાઈ ગયો હતો, એ ચોમાસું આચાર્યશ્રી પંજાબનાં દાદાગુરૂની નિર્વાણભૂમિ ગુજરાનવાલા શહેરમાં રહ્યાં હતા. દેશ બે ભાગમાં વહેંચાઈ ગયો હતો, અને ગુજરાનવાલા પાકિસ્તાનમાં ગયું હતું જૈન સંઘની ચિંતાનો પાર ન હતો. સંઘે ગમે તેમ કરીને ગુજરાનવાલા છોડીને હિન્દુસ્થાનમાં આવી જવાની આચાર્યશ્રીને પ્રાર્થના ઉપર પ્રાર્થના કરી, એ માટે જરૂરી સગવડ પણ કરી. પણ ગુજરાનવાલામાં સપડાઇ ગયેલાં બધા સાધુ સાધ્વીઓ અને જૈન ભાઇઓ બહેનોના સ્થળાંતરની પૂરી ગોઠવણ ન થાય ત્યાં સુધી પોતાનો જીવ બચાવવા ચાલી નીકળવાનો તેઓએ સાફ સાફ ઈન્કાર કર્યો. છેવટે એ બધાના સ્થળાંતરની ગોઠવણ થઈ ત્યારે જ આચાર્યશ્રીએ દુભાતે દિલે ગુરૂતીર્થ ગુજરાનવાલાને છેલ્લી સલામ કરી!

જીવનના છેલ્લા દિવસો વીતતા હતા ત્યારે (વિ. સં. ૨૦૧૦માં) આચાર્યશ્રી મુંબઈમાં બિરાજતા હતા. ૮૪ વર્ષની ઉંમર અને ૬૮ વર્ષના દીક્ષા પર્યાયને લીધે કાયાનો ડુંગર ડોલવા લાગ્યો હતો. છતાં મનમાં એક રટણ હતું કે કયારે પાલીતાણા જઈને હું દાદાના દર્શન કરૂં અને પંજાબ કયારે પહોંચું? કાયા ભલેને જર્જરિત થઈ, અંતરનો ઉત્સાહ અને ઉમંગ તો એવોને એવો જ હતો.

નિરાશામાંથી આશા પ્રગટે, ક્રૂરતામાંથી કરૂણા જન્મે, અધર્મમાંથી ધર્મના અભિરૂચિ જાગે એવા એવા સારમાણસાઇના, સેવાપરાયણતાના, નમ્રતાના કરૂણાપરાયણતાના તેમજ સમતા શાંતિ અને સ્વસ્થતાના અનેક પ્રસંગ મૌક્તિકોથી આચાર્યશ્રીનું જીવન વિમળ, ઉચ્ચ અને ઉદાત બન્યુ હતુ.

આવા એક જાજરમાન પ્રભાવક મહાપુરૂષે વિ. સં. ૨૦૧૦ના ભાદરવા વદી ૧૦ના દિવસે (તા. ૨૨-૯-૫૪ના રોજ), વધુ ઉન્નતસ્થાનને માટે અંતિમ પ્રયાણ કર્યું!

એ સર્વમંગલકારી વિભૂતિને આપણી વંદના હો!

# સાભાર સ્વીકાર

**નિરિક્ષણ અને અર્થઘટન** : લેખક શ્રી પન્નાલાલ ર. શાહ પ્રકાશક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ. મુંબઈ-૪૦૦ ૦૦૪. પૃષ્ઠ સંખ્યા ૧૩૬. કી. રૂા. ૪૦.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • મુરબ્બીશ્રી પોપટલાલભાઈની જીવન ઝરમર •

**[ આ લેખ અંગે માહિતી મેળવી આપવામાં પાર્શ્વનાથ જીવદયા મંડળના કાર્યકર્તાઓ અને ખાસ કરીને શ્રી પ્રભુદાસભાઈએ સહકાર આપેલ તેના અમે ઋણી છીએ. —તંત્રી ]**



**સ્વ. પોપટલાલ રવજીભાઇ સલોત**

**સા**ચા સમાજ સેવક, ધર્માનુરાગી અને વિદ્યાપ્રેમી શ્રી પોપટલાલભાઇનો જન્મ સંવત ૧૯૭૦ના શ્રાવણ વદી ચોથને ગુરૂવારે વલભીપુર તાલુકાના કંથારિયા ગામે થયો હતો. તેમના માતુશ્રીનું નામ અંબાદર્શની હતું અને તેમના પિતાશ્રીનું નામ રવજીભાઈ હતું.

તેમના માતુશ્રી તેમજ પિતાશ્રી બન્ને ધર્મપ્રેમી અને સંસ્કારી હતા, અને પોતાના પુત્રની કારકીર્દિ ઉજવળ બને એ દૃષ્ટિ નજર સમક્ષ રાખીને શ્રી પોપટલાલભાઈમાં બાળપણથીજ સંસ્કાર સિંચન કરવાનું શરૂ કરી તેમના ઉજવળ ભાવીના સ્વપ્ન સેવવા લાગ્યા.

શ્રી પોપટલાલભાઇએ પણ માતા-પિતાના એ સ્વપ્નો સાકાર કરવા જાણે કમર કસી હતી. 'પુત્રના લક્ષણ પારણામાંથી' એ કહેવત અનુસાર શ્રી પોપટલાલભાઈએ બાળપણથી આકરી કસોટીનો સામનો કરી ઉન્નતિના માર્ગે કૂચ આરંભી. તેમણે પ્રાથમિક શિક્ષણ વલભીપુરની શાળામાં લીધુ હતું. તે માટે દરરોજ કંથારીઆથી ૧૨ કી. મી.નું અંતર કાપી વલભીપુર જતા. શિક્ષણ લેવાની તમન્ના સિવાય આ કેવી રીતે બને ? હાઇસ્કૂલ કક્ષાનો અભ્યાસ તેમણે અમદાવાદમાં કરેલો. અને ત્યાર બાદ તેમણે મુંબઇ યુનિવર્સિટીની બી. એ.ની પરીક્ષા ૧૯૩૬માં અને બી. ટી.ની પરીક્ષા ૧૯૪૩માં પસાર કરેલી. ગુજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષા ૧૯૫૩માં પાસ કરી પોતાનો શિક્ષણ પ્રેમ સદા જાગૃત છે એ બતાવી આપ્યું.

શ્રી પોપટલાલભાઇને ધાર્મિક સંસ્કારો વારસામાં મળેલા અને એજ રીતે તેમણે પોતાના સંતાનોમાં પણ ધાર્મિક સંસ્કારોના બીજ રોપ્યા હતા. આવા પ્રબળ ધાર્મિક સંસ્કારોને કારણે તેમની ચારે પુત્રીઓએ દીક્ષા અંગીકાર કરવાની અભિલાષા વ્યક્ત કરી અને તેમણે હૃદયપૂર્વક અનુમતિ આપી અને તેમના દીક્ષા મહોત્સવો સારી રીતે ઉજવ્યા સંયમમાર્ગની અનુમોદના કરી. તેમના પુત્રોમાં પણ ધર્મસંસ્કારના બીજ રોપ્યા.

ઈ. સ, ૧૯૩૬માં બી. એ. પાસ થયા પછી તેમણે શીહોર, તળાજા, મહુવા, સાવરકુંડલા, ભુજ (કચ્છ), તથા નળીઆ વગેરે સ્થળોની હાઇસ્કૂલોના સન્નિષ્ઠ શિક્ષક તરીકે સેવા આપી. પોતાની ઉત્તમ શિક્ષણ પદ્ધતી અને છાત્રવાત્સલ્યથી વિદ્યાર્થીઓમાં સારી ચાહના પ્રાપ્ત કરી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતી. સાવરકુંડલાને તેમણે પોતાની કર્મભૂમિ બનાવી હતી. ત્યાં તેમણે હજારો વિદ્યાર્થીઓને શિક્ષક તરીકે અને પછી આચાર્ય તરીકે શિક્ષણ સાથે સંસ્કાર આપી સારો યશ મેળવ્યો. આચાર્યની નોકરીમાંથી તેઓ ઇ. સ. ૧૯૭૩માં નિવૃત્ત થયા. ત્યારબાદ ત્રણેક વર્ષ સાવરકુંડલામાં વીતાવી ઈ. સ. ૧૯૭૬ માં ભાવનગર આવ્યા, અને અહીં ભાવનગરમાં તેમણે સમાજ સેવા પરમાર્થ સેવાનું કાર્ય અપનાવ્યું.

શિક્ષકની નોકરી દરમીયાન પણ તેમનું સેવાકાર્ય તો ચાલુ જ હતું પણ નિવૃત્ત થયા પછી તેઓ પોતાનો લગભગ બધો સમય સેવાકાર્યમાં આપવા લાગ્યા ભાવનગરમાં તેમણે નવજયોત કોચિંગ કલાસ દ્વારા પણ હજારો વિદ્યાર્થીઓને શિક્ષણ આપી તેમના માનીતા થયા હતા.

તેમના જીવનનું મહત્ત્વનું આકર્ષણ સાધર્મિક ભક્તિ, મૂંગા પ્રાણીઓની દયા અને સાધુ સાધ્વીજી મહારાજોની ભક્તિ એ મુખ્ય હતા. તેમની ધર્મપરાયણતા પણ પ્રશંસનીય હતી. પોતાની સેવા ભાવના સારી રીતે પાર પાડવા માટે તેઓ પાંજરાપોળ, જીવદયા મંડળી, શ્રી આત્માનંદ સભા, શ્રી ગોડીજી જૈન દેરાસર વગેરે સાથે સંકળાયેલા હતા. અને આ બધી સંસ્થાઓમાં તેઓ સક્રિય રીતે કુશળતા પૂર્વક કાર્ય કરી ઉત્તમ સેવાકાર્યનો આદર્શ આપણી સમક્ષ મૂકતા ગયા.

જીવદયામાં તેઓ એવા ઓતપ્રોત થઇ ગયેલ કે જીવદયા માટે કોઇપણ માણસ જરાપણ ધર્મવિરૂદ્ધ બોલે તો તેમનો આત્મા ઉકળી જતો અને તેને સાચું સમજાવવા પ્રયત્ન કરતા.

તેમની સાધર્મિક ભક્તિ કરવાની રીત પણ અજોડ હતી. આપણે તેમાંથી ઘણું શીખવા જેવું છે.

ગામડાઓમાં જઈ જાતેજ સાધર્મિક ભક્ત કરતા, કપડા, અનાજ, તેલ, ઘી વગેરે પોતાની રૂબરૂમાંજ દરેક ઘરે મોકલતા, કોણે મોકલ્યા તેની ખબરજ પડે નહિ. ફક્ત વેપારી અને જે ગામના અગ્રણી હોય તેજ જાણે. તેમની આ બધી મૂંગી સેવા હતી. પોતાની પ્રસિદ્ધિની જરાએ આકાંક્ષા નહિ. સાદો પહેરવેશ અને પૈસા સાથે લઇનેજ જાય. તદુપરાંત જરૂર પડે તો બીજી સગવડતા સાથે જ હોય.

શીહોર, વરતેજ, પાલીતાણા, મહુવા, તળાજા, દાઠા, મહુવા, વલભીપુર, સાવરકુંડલા વગેરે સ્થળોએ જાતે જઇને તે ગામના સેવાભાવી કાર્યકરને મળીને સાધર્મિક ભક્તિનું કામ શાંતિથી પતાવી દેતા.

## તીર્થયાત્રા સંઘનો અનોખો લાભ :-

ભાવનગરથી શત્રુંજય તીર્થનો છ'રી પાલિત યાત્રા સંઘ પરમ પૂજ્ય શાસન સમ્રાટ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પુણ્ય પ્રભાવ સામ્રાજ્યે તેઓશ્રીના પરમ આશીર્વાદથી પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પરમ પૂજ્ય ગણિવર્યશ્રી દાનવિજયજી મ. ની પ્રેરણાથી ગોડિજી જૈન ઉપાશ્રયના ઉપક્રમે અને શ્રી જૈન શ્રેયસ મિત્ર મંડળના સહકારથી તેઓના આયોજનથી સંઘપતિ શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત તરફથી સં. ૨૦૪૧ ના ચૈત્ર વદિ ૯ ને શનિવારના મંગલ પ્રભાતે શુભ મુહૂર્તે ૧૦૮ યાત્રિકોનો છ'રી પાલિત યાત્રાસંઘ નીકળ્યો હતો.

## શુભનિશ્રા :-

પરમ પૂજય આચાર્ય શ્રીમદ્ વિજયનયપ્રભસૂરીશ્વરજી મહારાજ તથા પરમ પૂજ્ય ગણિવર્યશ્રી દાનવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં ઘણાજ ઉત્સાહ ઉમંગથી આ સંઘનું પ્રયાથ થયુ હતું.

## શ્રી સંઘનો મંગળ પ્રવેશ :-

ચૈત્ર વદ પ્રથમ તેરસના દિવસે શ્રી દિગંબર જૈન ધર્મશાળાથી સંઘનું સામૈયું થયું હતું. સંઘના ભવ્ય સામૈયા સાથે શ્રી કેસરિયાનગરમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘ આવેલ. ત્યારે પ૦ પૂ૦ આચાર્ય ભગવંત ચંદ્રોદયસૂરીશ્વરજી, પ૦પૂ૦ જયાનંદસૂરિજી તથા પૂ૦ પં. અભયસાગરજી વગેરે પ્રવેશમાં પધાર્યા હતા. પૂ૦ આચાર્યશ્રીએ તેમજ દાનવિજયજી મ૦એ સંઘનું પ્રયાણ પ્રવેશ અને તીર્થ માળનો મહિમા સમજાવ્યો હતો.

**શ્રીસંઘ તીર્થમાળા :–**

ચૈત્ર વદિ બીજી તેરસના શુભ દિવસે શ્રી શત્રુંજય તીર્થ ઉપર શ્રી સંઘની ઉપસ્થિતિમાં આદીશ્વર દાદાની સાન્નિધ્યમાં સંઘપતિશ્રી પોપટલાલ રવજીભાઇ સલોતને પૂ૦ આચાર્યશ્રીએ વિધિ પૂર્વક તીર્થમાળ પહેરાવરાવા હતા. પૂ૦ ગણિવર્યશ્રી દાનવિજયજી મ૦એ સંઘના શ્રેયાંર્થે અઠ્ઠમતપ કરીને સંઘપતિને માળ પહેરાવવાની વિધિ કરી હતી. આ રીતે સંઘપતિની વર્ષોની ભાવના પૂર્ણ થતાં આંખમાંથી હર્ષના આંસુ વહેતા હતાં. આ રીતે ભાવનગરથી પાલિતાણા છ'રી પાલિત સંઘની મંગલયાત્રાની પૂર્ણાહુતી થઈ હતી.

**મકાન વસાહત :–**

જૈન ભાઇઓ એકી સાથે કેમ વસવાટ કરે તે હેતુથી તેને મકાન કેમ અપાવવા તેમજ સરકારી યોજનાનો કેમ લાભ લેવો અને સાથે ધાર્મિક શિક્ષણ પણ જળવાઇ રહે તેમજ દેરાસર પણ સાથે હોવું જોઈએ. તેવું તે કરતા ગયા. છેલ્લે છેલ્લે ૧૭૫ માણસોને મકાન માટેની યોજના પણ કરતા ગયા.

આટલા બધા સેવા કાર્ય છતાં સરળ અને નિરાડંબરી જીવન આપણને હંમેશા પ્રેરણા આપતા રહેશે.

આપણે અંતમાં કહી શકીશું કે,

ધન્ય જનની તેની રે,
જેણે કુળ દીપાવ્યું આજરે.

卐

## * આઠમો જૈન સાહિત્ય સમારોહ *


શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી ડો. રમણલાલ ચી. શાહ જણાવે છે કે આઠમો જૈન સાહિત્ય સમારોહ ફેબ્રુઆરી. ૧૯૮૭માં સમેતશિખર (મધુવન, બિહાર) ખાતે યોજવાનુ નક્કી થયું છે.

**શ્રી** મહાવીર જૈન વિદ્યાલય તરફથી યોજાનારા આ સમારોહમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્વાનોને ઈતિહાસ, કલા, શિલ્પ, સ્થાપત્ય ઈત્યાદિ વિષયને લગતો પોતાનો લેખ મોડામાં મોડો **તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૬ સુધીમાં** શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ કાંતિમાર્ગ, ગોવાલિયા ટેન્ક, **મુંબઈ**-૪૦૦ ૦૩૬ એ સરનામે મોકલી આપવા વિનંતી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## શોક ઠરાવ

શ્રી પાર્શ્વનાથ જીવદયા કલ્યાણ કેન્દ્ર ભાવનગરની સભા મળી હતી, આ સભામાં મુ. શ્રી પોપટભાઈ રવજીભાઇ સલોતના અવસાનની નોંધ લેતા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે.

જીવદયા તેમજ સ ધર્મિક ભકિત એ જીવનનું ધ્યેય બનાવી જીવનની છેલ્લી ઘડી સુધી તેઓ વળગી રહ્યા, અને તેઓએ અનેક કામ માટે ઘણી સેવાઓ આપી.

તેમના જવાથી દરેક પ્રવૃત્તિમાં ન પુરાય તેવિ ખોટ પડી છે. એથી પ્રાર્શ્વનાથ જીવદયા મંડળીના ભાઇઓ દુઃખની લાગણી અનુભવે છે.

જે કામ માટે તેઓ જીવનભર ઝઝુમ્યા તે કામો યોગ્ય દિશામાં આગળ વધે તેજ તેમને યોગ્ય અંજલી હોઇ શકે.

આ માટે આપણે બધા તેમના જીવનમાંથી પ્રેરણા લઇ તેમના માર્ગે જવાનો પ્રયત્ન કરીએ, અને તેમના કુટુંબીજનો ઉપર દુઃખ આવી પડેલ હોઇ, તે સહન કરવાની પ્રભુ શકિત આપે,

અને પ્રભુ સદ્‌ગત આત્માને શાંતી આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

**શ્રી પ્રાર્શ્વનાથ જીવદયા કલ્યાણ કેન્દ્ર**
હાથીથાન, ખાદી ઉત્પાદન કેન્દ્ર, ભાવનગર.

## શોક ઠરાવ

ખાદી ગ્રામોદ્યોગ ભંડાર ભાવનગર સંસ્થાના કાર્યકર્તાઓની આ સભા મું. શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોતના અવસાનની નોંધ લેતા દુઃખ અને શોકની ઘેરી લાગણી અનુભવે છે.

ધર્મ અને રચનાત્મક તેમજ જીવદયા અને સાધર્મિક ભાઈઓની સેવા, જીવનનું ધ્યેય બનાવી અને જીવનની છેલ્લી ઘડી સુધી તેઓ તીવ્ર પણે વળગી રહ્યા, અનેક કામોના વિકાસ માટે તેઓએ ઘણી સેવાઓ આપેલી છે, તેમના જવાથી દરેક પ્રવૃત્તિને ન પુરાય તેવી ખોટ પડી છે, જેથી, કાર્યકરનો બહોળો સમુદાય, દુઃખની તીવ્ર લાગણી અનુભવે છે જે કામો માટે તેઓ જીવનપર ઝઝુમ્યા તે કામો યોગ્ય દિશામાં વિકાસ સાધે એમની સિદ્ધિ યોગ્ય અંજલી હોઇ શકે. આ માટે આપણે બધા એમના જીવનમાંથી પ્રેરણા લઇ તેમના માર્ગે જવાનો પ્રયત્ન કરીએ અને તેમના કુટુંબીજનો ઉપર દુઃખ આવી પડેલ હોઇ તે સહન કરવાની પ્રભુ શક્તિ આપે.

અને પ્રભુ સદ્‌ગત આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

તુમ જગમે આયે, તુમ રડે જગ હસે,
એસી કરણી કરો, તુમ હસો જગ રોય.

**–પ્રભુદાસ શાહ**

× × × ×

ભાવનગરનો સંસારી પણામાં રહેલો એક મહાન સંત એટલે પોપટલાલ રવજીભાઈ સલોત એમની ખોટ કદાપિ પુરાવાનીજ નથી જ, થોડા વખતથી ભાવનગરમાં આવી ભાવનગરને કર્મભૂમિ અને ધર્મભૂમિ બનાવી સેવાના અનેક કામો કર્યા. જીવનની એક એક પળ પરોપકારમય બનાવી આત્માનંદનો પ્રાણ બની ગયા.

પાંજરાપોળ, ગૌશાળા, જીવદયા મંડળ અભયદાન, પશુપાલન, જીવદયાના કામો એમણે ભાવનગરમાં રહીને કર્યા. એમનો શાંત સ્વભાવ, નમ્રતા, વિવેક કદિ વિસરાશે નહિ પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપો એજ અભ્યર્થના.

**શ્રી રાયચંદ મગનલાલ શાહ** મુંબઇ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન એવું જીવી જાણ્યું કે મૃત્યુ પણ શરમાઈ ગયું, જોઇને મીંઠી તસ્વીર તમારી વરસી પડે છે આંખો અમારી પ્રભુ તમારા આત્માને ચિર:શાંતિ અર્પે એજ અભ્યર્થના.

આપના મૃત્યુથી કણબીવાડ જૈન પરિવારે એક સ્વજન અને માર્ગદર્શક ગુમાવ્યો છે.

લી. **કણબીવાડ જૈન પરિવાર**

✖ ✖ ✖ ✖

"નવજયોતની એ ઝળહળતી જયોત,
અનંત યાત્રા તમે ગણી મહામૂલી,
ચિરશાંતિ પામો, એજ વ્યથિત,
હૈયાં કેરી છે સ્મરણાંજલિ........"

અમારા 'દાદા' સંસ્થાના આજીવન શિક્ષક શ્રી પોપટલાલ આર. સલોત ( સલોત સાહેબ ) ના આકસ્મિક, અચાનક નિધનથી 'નવજયોત કોચિંગ કલાસના શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થી-જગત ઊંડા આઘાતની દુઃખદ લાગણી અનુભવે છે.

જિન્દગીના અંતિમ શ્વાસ સુધી સ્થિતપ્રજ્ઞ બની સિક્ષણ અને સંસ્કાર આપનાર આ પવિત્ર આત્માએ છેલ્લા દસકામાં નવજયોત પરિવારના હજારો છાત્રોના જીવનમાં જ્ઞાન શિક્ષણ માર્ગદર્શન અને સંસ્કારનો પ્રકાશપુંજ પાથરી નવજયોત પ્રસારી લોક પ્રિયતા પ્રાપ્ત કરી છે.

તેઓની વસમી વિદાયથી સંસ્થાને પડેલી ખોટ કદી પુરાશે નહિ. ઈશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના. તમારા વિના તિમિર વનમાં અટવાયેલાં તમારા નવજયોત પરિવાર અને આપ્તજનોને તમારી યાદનાં અજવાળા હિંમત બક્ષે એજ ઇશ્વરને પ્રાર્થના.

'અંધેર ભલે ન હો સ્વર્ગમાં અંધારું જરૂર હશે, નહિતર ખુદ ઇશ્વરને પણ જરૂર શી પડે 'દાદા'ની.'

**નવજયોત પરિવાર**

ગાય રૂવે લાખ લાખ અશ્રુધાર
કયાં ગયો મુજ પાલનહાર ?
કોણ દોડશે ભીડ પડયે મુજ કાજ ?
દાન પ્રવાહથી અશ્રુ લુછવા આજ ?
ગાયો રડતી અમારી ગૌશાળાને દ્વાર
મુંગી અંજલિ આપતી આંખે અશ્રુધાર
ભીડ પડતા જે દોડતો ગયો હરિને દ્વાર
'સલોત' સેવક ગાયનો સાચો પાલન હાર

લિ. **મુકુંદભાઇ ત્રિવેદી અને મહાજન ગૌશાળા પરિવારના સભ્યો**

**સાવરકુંડલામાં સ્વ. પોપટભાઇ સલોતને શ્રદ્ધાંજલી**

સ્વ. આચાર્ય શ્રી પોપટભાઈ સલોતને શ્રદ્ધાંજલિ અર્પવા તા. ૧૮ના રોજ એક શોકસભા માજી પૂરવઠા ખાતાનાં મંત્રી શ્રી લલ્લુભાઈ શેઠના પ્રમુખપદે મળી હતી. આ શોકસભામાં વકતાઓએ સ્વ. ની નિષ્ઠા પ્રમાણિકતા વગેરે ગુણોની સરાહના કરી સ્વ. ને શોકાંજલિ આપી હતી

# સ્વર્ગવાસ નોંધ

શ્રી મણીલાલ ફુલચંદ શાહ ઉં. વર્ષ ૭૩ સંવત ૨૦૪૨નાં આસોવદ ૫ તા. ૮-૧૦-૧૯૮૬ ને બુધવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા તેમજ વ્યવસ્થાપક સમિતિના પણ મેમ્બર હતા. તેઓશ્રી મીલનસર સ્વભાવના તેમજ ધાર્મિક વૃત્તિના હતા. તેમજ સભા પ્રત્યે અપૂર્વ પ્રેમ ધરાવતાં હતાં તેઓશ્રીએ સભાને યાત્રા પ્રવાસ કરવા માટે રૂા. ૨૫૦૦) અંકે પચીશો રૂપીઆ આપેલ હતા. પરમકૃપાળુ પરમાત્મા તેઓશ્રીના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર–સાર

## સન્નિષ્ઠ કાર્યકર શ્રી રસીકલાલ નાથાલાલ કોરા સ્મૃતિ ફંડ અંગે
## નમ્ર વિજ્ઞપ્તિ

સન્નિષ્ઠ સામાજિક કાર્યકર અને શ્રી આત્માનંદ જૈન સભા–મુંબઈના મંત્રીશ્રી રસીકલાલ નાથાલાલ કોરાએ જીવન દરમ્યાન આપેલ અમૂલ્ય સમાજ સેવાઓની સ્મૃતિ કાયમ રાખવા તેઓશ્રીને શ્રદ્ધાંજલી અર્પવા તા. ૫-૮-૧૯૮૬ના મળેલ શ્રદ્ધાંજલિ સભામાં **"શ્રી રસીકલાલ એન. કોરા સ્મૃતિ ફંડ"** કાયમ કરવાનું જાહેર થતા ૫૧ હજાર જેવી રકમ આ ફંડમાં લખાઇ છે.

આ ફંડની રકમનું વ્યાજ શ્રી આત્માનંદ જૈન સભા (મુંબઈ) દ્વારા સમાજ ઉત્કર્ષના કાર્યમાં વાપરવામાં આવશે.

આ સ્મૃતિ ફંડને હજીય વિસ્તારવાનું હોઈ, સૌને સહાય માટે જાહેર વિજ્ઞપ્તિ છે.

"શ્રી આત્માનંદ જૈન સભા"ના નામનો ચેક–રોકડા નીચેના સ્થળે મોકલીને શ્રી રસીકભાઇ કોરાની સ્મૃતિ ચીરંજીવ બનાવશો. સહકારની અપેક્ષા સાથે.

લિ.

ઉમેદમલજી હજારીમલજી જૈન-મંત્રી — માણેકલાલ વી. સવાણી–પ્રમુખ

દામજી કુંવરજી છેડા–મંત્રી — અમરચંદ રતનચંદજી ઝવેરી–ઉપપ્રમુખ

કાંતીલાલ હરગોવિંદદાસ શાહ–ખજાનચી.

ઠે. **શ્રી આત્માનંદ જૈન સભા,** ૩૯–૪૧, ધનજી સ્ટ્રીટ મુંબઈ નં. ૪૦૦૦૦૩.

## કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ જન્મ શતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ–ટ્રસ્ટ અમદાવાદ

આ ટ્રસ્ટ તરફથી વિદ્વદ્વર્ય શ્રી લક્ષ્મણભાઇ હીરાલાલ ભોજકને અને અધ્યાપક શ્રી શાન્તિલાલ ગુલાબચંદ શાહને શ્રી હેમચન્દ્રાચાર્ય સ્મૃતિ ચન્દ્રક અર્પણ કરવાનો એક સમારોહ શ્રી ભાવનગર જૈન સંઘના ઉપક્રમે પૂજ્ય સૂરિવર્ય શ્રી શુભંકરસૂરીશ્વરજી તથા પૂજ્ય સૂર્યોદય સૂરીશ્વરજીની નિશ્રામાં તા. ૫-૧૦-૮૬ રવિવારના રોજ ઉજવાયો. હતો. અતિથિવિશેષ તરીકે શ્રી પ્રતાપરાય ભોગીલાલ ઝવેરી તથા શેઠશ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ ઉપસ્થિત હતા. મુખ્ય વક્તા વિદ્વદ્વર્ય શ્રી હરિવલ્લભભાઇ ભાયાણી હતા. આ પ્રસંગે શ્રી લાલભાઈ દલપતભાઇ પ્રાચ્ય વિદ્યામંદિરના વિદ્વદ્વર્ય શ્રી દલસુખભાઇ માલવણીયા તથા અન્ય આગેવાનો અને શ્રી વેજલપુર જૈન સંઘના કાર્યકારો ઉપસ્થિત હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણુ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૭-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૪-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫ ૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક: પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)



તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સને
૧૯૮૪-૧૯૮૫
સંવત
૨૦૪૧-૪૨

For Private And Personal Use Only